# વીજળી કાપ: વૈકલ્પિક ઇંધણ અને વીજળી જનરેશનનો સુરક્ષિતપણે ઉપયોગ

સમુદાય માહિતી

જ્યારે વીજળી કાપ ઉદ્ભવે (સામાન્ય રીતે ગંભીર હવામાન દુર્ઘટનાઓને કારણે) ત્યારે લોકો ક્યારેક ઇંધણ અથવા વીજળી જનરેશનનાં વૈકલ્પિક સ્રોતોનો રાંધવા, પ્રકાશ કરવા, ગરમી અથવા પાવર માટે ઉપયોગ કરે છે.

પોર્ટેબલ જનરેટર્સથી કેટલીક સામાન્ય પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાય છે; જો કે, તેમનો સાવચેતીપૂર્ણ ઉપયોગ કરવો આવશ્યક છે.

પેટ્રોલ અથવા ડીઝલથી ચાલતા જનરેટર્સ કાર્બન મોનોક્સાઇડ ગેસ ઉત્પાદિત કરે છે તેથી તેમને ખુલ્લી બારીઓ અને ઝરોખાથી દૂર **ફક્ત સારા-હવાદાર બહારનાં વિસ્તારમાં જ ઓપરેટ કરવા આવશ્યક** છે.

કાર્બન મોનોક્સાઇડ અદૃશ્ય હોય છે અને તમે તેની ગંધ પારખી શકતા નથી. જો તે ઘરમાં ઘર, ગેરેજ અથવા કેરેવનમાં બનતો હોય તો તે એકાએક બીમારી, બેહોશી અને મૃત્યુનું કારણ બની શકે છે. તમારા પાળતુ પ્રાણીઓ તેમ જ તમારા કુટુંબ વિશે વિચારો.

**બહાર ઉપયોગ કરવા માટે ડિઝાઇન કરવામાં આવેલા ઉપકરણોનો ઉપયોગ ઘર**, ભોંયતળિયે, ગૅરેજ, કેરેવન અથવા ટેન્ટમાં કે ખુલ્લી બારીની નજીક પણ કરવો નહીં. પાવર જનરેટર્સ, ગ્રિલ્સ, કૅમ્પ સ્ટોવ્ઝ અથવા અન્ય પેટ્રોલ, એલપી ગેસ, કુદરતી ગેસ અથવા કોલસા-બાળતા ઉપકરણો જેવા સાધનોનો ઉપયોગ તેમના નિર્માતા દ્વારા ઉલ્લેખિત કર્યા અનુસાર જ કરવો જોઈએ.

## પાવર જનરેટર્સ

જો કે તે ખૂબ ઉપયોગી હોય છે, તેમ છતાં જો પોર્ટેબલ જનરેટર્સનો ઉપયોગ સાવચેતીપૂર્ણ કરવામાં ન આવે તો આના તરફ દોરી શકે છે:

- એન્જિન એક્ઝોસ્ટમાંથી કાર્બન મોનોક્સાઇડ ઝેર બહાર પડવું.
- ઇલેક્ટ્રિક શૉક અથવા ઇલેક્ટ્રોક્યુશન.
- આગ.

સુરક્ષિત ઉપયોગની ખાતરી માટે ઘરનાં લોકોએ જનરેટરની સાથે આપવામાં આવેલ દિશાનિર્દેશોનું પાલન કરવું આવશ્યક છે.

## એક જનરેટર ખરીદવું

કાયમી રીતે સ્થાપિત સ્થિર જનરેટર્સ ઘરને શ્રેષ્ઠ બૅક-અપ પાવર પ્રદાન કરવા માટે યોગ્ય છે.

**ફક્ત પરવાનાધારક ઇલેક્ટ્રિશિયને જ કાયમી જનરેટર કનેક્ટ કરવું જોઈએ.**

## પોર્ટેબલ જનરેટરનો સુરક્ષિતપણે ઉપયોગ

- **પોર્ટેબલ જનરેટર્સનો ઉપયોગ અંદરના વિસ્તારોમાં કરશો નહીં**. આમાં ગૅરેજ, કારપોર્ટ, ભોંયતળિયું, ક્રાઉલસ્પેસ અથવા અન્ય સમાવિષ્ટ અથવા આંશિક સમાવિષ્ટ વિસ્તારનો સમાવેશ થાય છે, બારી બારણાં સાથેનો વિસ્તાર પણ.
- જનરેટરનો ઉપયોગ બારીઓથી દૂર ખુલ્લા વિસ્તારમાં કરો.
- ઉપયોગ કરતા પહેલા નિર્માતાના સૂચનોને વાંચો.
- જનરેટરને ઓવરલોડ કરશો નહીં.
- જનરેટર ઉપયોગમાં ન હોય અથવા ઇંધણ ભરાવતી વખતે તેને બંધ રાખો.

બારી બારણાં ખોલવાથી ઘરમાં કાર્બન મોનોક્સાઇડનું બનવું અટકશે નહીં. તે માટે કાર્બન મોનોક્સાઇડનું સ્તર આરોગ્ય જોખમ સુધી આવે ત્યારે તમને ચેતવણી આપતો એક બૅટરી-સંચાલિત કાર્બન મોનોક્સાઇડ એલાર્મ તમારા ઘરમાં ઇન્સ્ટોલ કરવાનો વિચાર સારો રહેશે. તેની બૅટરી વારંવાર તપાસો અને જરૂર જણાય તો બદલો.

## ઇલેક્ટ્રોક્યુશનને ટાળવા માટે

- જનરેટરને સુકું રાખો અને વરસાદમાં તેનો ઉપયોગ કરશો નહીં.
- થાંભલા પર ટાર્પોલિન પાથરો.

VICTORIA State Government | Health and Human Services

- જનરેટરને સ્પર્શ કરતા પહેલાં હંમેશા તમારા હાથ કોરા કરો.

## જનરેટરમાં ઇંધણ ભરાવવું

- ઇંધણ ભરતા પહેલાં જનરેટર બંધ અને ઠંડું છે તેની ખાતરી કરો. ગરમ એન્જિનનાં ભાગ પર પેટ્રોલ ઢોળાય તો તે તેને પ્રજ્વલિત કરી શકે છે.
- પેટ્રોલને ઘરની બહાર બંધ શેડ અથવા અન્ય સુરક્ષિત વિસ્તારમાં સંગ્રહિત કરો.
- ઈંધણથી બળતા ઉપકરણો નજીક કોઈપણ ઇંધણનો સંગ્રહ કરશો નહીં (જેમ કે કુદરતી ગેસ વૉટર હીટર અથવા ગૅરેજમાં કારની નજીક).

## જનરેટરથી કનેક્ટેડ સાધનોનો ઉપયોગ કરવો

જો આગ અથવા ભારે પવનથી નોંધપાત્ર રીતે ક્ષતિગ્રસ્ત થયેલ ઘરમાં પાછા ફરી રહ્યાં હોવ, તો સૌ પ્રથમ વાયરિંગ અને અન્ય વિદ્યુત ઇન્સ્ટોલેશન્સને કનેક્ટ કરતા પહેલા અને કોઈપણ ઉપકરણને ચાલુ કરતા પહેલા તપાસ કરવી એ અગત્યનું છે.

વધારામાં તમારે આ કરવું જોઈએ:

- સાધનોને સીધા જ તમારા જનરેટરમાં એક હેવી ડ્યુટી, આઉટડોર-રેટેડ એક્સ્ટેંશન વાયરથી પ્લગ કરો.
- નાની એક્સ્ટેંશન વાયરનો ઉપયોગ કરી જેની સ્થિતિ સારી હોય અને ત્રણ પિન વાળા પ્લગનો ઉપયોગ કરો.
- પૂર્ણ અનવિન્ડ એક્સ્ટેંશન રીલ્સ અથવા ડ્રમ્સથી દોરાય છે.

**જનરેટરને ભીંતનાં આઉટલેટમાં પ્લગ ભરાવીને ઘરની વાયરિંગ પાવર આપવાનો પ્રયાસ કરશો નહીં.** આ પાવર લાઇન્સ સાથે 'બૅક ફીડ' કરી શકે છે અને તે તમારા અને તમારા પાડોશીઓ માટે અત્યંત જોખમકારક છે.

## કાર્બન મોનોક્સાઇડનાં ઝેરને અટકાવવું

- ઘરને ગરમ કરવા માટે ક્યારેય ગેસ સ્ટોવ અથવા ઑવનનો ઉપયોગ કરશો નહીં.
- કોલસાની ગ્રિલ, હિબાચી, લેન્ટર્ન અથવા પોર્ટેબલ કેમ્પિંગ સ્ટોવનો ઉપયોગ ઘર, ટેન્ટ અથવા કૅરાવનની અંદર ક્યારેય કરશો નહીં.
- કોઈપણ જનરેટર, પાવર વૉશર અથવા કોઈપણ ઇંધણ-સંચાલિત ઍંજિનને ભોંયતળિયામાં, ગૅરેજ અથવા અન્ય સમાવિષ્ટ માળખામાં ક્યારેય ચલાવશો નહીં, પછી ભલે બારી-બારણાં ખુલ્લા હોય, સિવાય કે તે સાધન વ્યાવસાયિક રીતે ઇન્સ્ટોલ કરેલું અને ઝરોખામાં મૂકેલ હોય.
- ઝરોખા અને ગરમ વાયુ માર્ગોને કચરા મુક્ત રાખો, ખાસ કરીને જો ભારે પવન ચાલતો હોય, કારણ કે ઊડતો કચરો ખુલ્લા વેન્ટિલેશનને અવરોધિત કરી શકે છે.
- ખુલ્લી બારી, બારણાં અથવા ઝરોખા કે જ્યાંથી એક્ઝોસ્ટ અંદરનાં ભાગમાં હવા દાખલ કરી શકે ત્યાં ક્યારેય મોટર વાહન, જનરેટર, પાવર વૉશર અથવા કોઈપણ ઇંધણ-સંચાલિત ઍંજિન ચલાવશો નહીં.
- આંશિક રીતે સમાવિષ્ટ અથવા સમાવિષ્ટ સ્થાન જેમ કે ગૅરેજમાં ક્યારેય વાહનની મોટર ચાલુ છોડશો નહીં.
- જો તમને બીમાર, ચક્કર અથવા નબળાઈ જણાય, તો તરત જ તાજી હવામાં જાઓ અને તરત જ તબીબી સલાહ લો.

## વધુ માહિતી માટે

- ગેસ અથવા વીજળીનો સાવચેતીપૂર્ણ ઉપયોગ કરવા વિશેની માહિતી માટે Energy Safe Victoria નો 9203 9700 પર સંપર્ક કરો અથવા અહીં મુલાકાત લો: www.esv.vic.gov.au
- ગેસ લીકની જાણ કરવા માટે 132 771 ને કૉલ કરો.
- કાર્બન મોનોક્સાઇડનાં સંપર્કથી આરોગ્ય પર થતી અસરો વિશે વધુ માહિતી માટે તમારા સ્થાનિક ડૉક્ટરને પૂછો.
- કાર્બન મોનોક્સાઇડ વિશેની સામાન્ય આરોગ્ય માહિતી માટે Department of Health and Human Services ખાતે પર્યાવરણીય આરોગ્ય એકમનો 1300 761 874 પર સંપર્ક કરો.

વિક્ટોરિયન સરકાર, 1 Treasury Place, Melbourne દ્વારા અધિકૃત અને પ્રકાશિત.
© વિક્ટોરિયા રાજ્ય, Department of Health and Human Services, ફેબ્રુઆરી 2016.